Paper Code - 3668

B.R.S. Semester-III (Agronomy)
July-September - 2021
Core-07 : Trends of Indian Agriculture

કુલ સમય :– : ૩૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૩૫** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૧૮**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૧૮ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૧૮ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

પ્રશ્ન.૧ એગ્રોનોમી એ કઈ ભાષા નો શબ્દ છે?
A. લેટીન B.ગ્રીક C. ફ્રેંચ D. ડચ

પ્રશ્ન.૨ "AGROS" એટલે
A. ખેતર B. જમીન C. રેતી D. માટી

પ્રશ્ન.૩ "NOMOS" એટલે
A. જાળવણી કરવી B. કાળજી લેવી C. વ્યવસ્થાપન કરવું D. કેળવણી કરાવી

પ્રશ્ન.૪ પાક ઉત્પાદન માટે મૂળભૂત અને જરૂરી એકમ છે
A. બેક્ટેરિયા B. વિષાણું C. ફૂગ D. જમીન

પ્રશ્ન.૫ જમીન નો ભૌતિક ગુણધર્મ છે.
A. છીદ્રાવકાશ B. પોષક તત્વો C. અમ્લતા આંક D. અળસિયા

પ્રશ્ન.૬ ઈજરાઈલ દેશે વિશ્વને આપેલી ભેટ છે.
A. પોરસ પિયત પદ્ધતિ B. મટકા પિયત પદ્ધતિ C. ટપક પિયત પદ્ધતિ D.રકાબી ઘાટના પદ્ધતિ

પ્રશ્ન.૭ ઈજરાઈલે જમીન સુધારવા માટે શાની રચના કરી છે.
A. જ્યુઈસ નેશનલ ફંડ B. ગ્રીન હાઉસ C. મેક્રોરેટ D. પાવર ગ્રીડ

પ્રશ્ન.૮ ઈજરાઈલમાં કૃષિ વિકાસ માટે ..... ને વધુ મહત્વ આપવામાં આવે છે.
A. કૃષિ સંશોધન B. રસાયણિક ખાતર C. કીટનાશક દવા D. જૈવીક ખાતર

પ્રશ્ન.૯ હિબ્રુ ભાષામાં "કિબુત્ઝ" નો અર્થ શું થાય છે?
A. જૂથ કે સમૂહ B. વ્યક્તિ C. જાતિ D.સંસ્થા

પ્રશ્ન.૧૦ ઈજારાઈલમાં કેટલા કિબુત્ઝ આવેલા છે?
A. ૧૫૦ B. ૨૫૦ C. ૩૫૦ D. ૪૫૦

પ્રશ્ન.૧૧ પવન, વહેતા પાણી કે વરસાદના ટીંપાથી જમીનના રજકણો જમીનથી છુટા પડી એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર થાય છે એ ક્રિયાને શું કહે છે?
A. જમીનની નીતાર શક્તિ B. જમીનની ભેજ ધારણ શક્તિ C. જમીન ધોવાણ D.જમીનની ફળદ્રુપતા

પ્રશ્ન.૧૨ એક અંદાજ પ્રમાણે દર વર્ષે દર હેક્ટર ..... ટન જમીન ધોવાય છે.
A. ૬૫ B.૮૫ C.૭૫ D.૯૫

પ્રશ્ન.૧૩ અમ્લીય જમીનનો અમ્લતા આંક કેટલો હોય છે.
A. સાત B. નવ C. સાત કરતા વધારે D.સાત કરતા ઓછો

પ્રશ્ન.૧૪ ભાસ્મિક જમીન સુધારવા માટે વપરાય છે.
A. ચિરોડી B.ચૂનો C.ચૂનાના પથ્થર D. આ પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૧૫ પાકના મૂળ પ્રદેશમાં પાણી ભરાઈ રહેવાની ક્રિયાને શું કહે છે?
A. સોઇલ ઈરોજન B. સ્કેપિંગ C વોટર લોગીંગ D.લીચિંગ

પ્રશ્ન.૧૬ કઈ જમીન માં નીતાર સૌથી વધારે હોય છે.
A. કાંપાળ B. માટીયાળ C. ગોરાન્ડુ D. રેતાળ

પ્રશ્ન.૧૭ છોડને જરૂરી એવા બધા પ્રકારના પોષકતત્વો લભ્ય સ્વરૂપમાં અને પુરતા પ્રમાણમાં પુરા પાડવાની જમીનની વારસાગત શક્તિને શું કહે છે?
A. જમીનની ફળદ્રુપતા B. જમીનની નીતાર શક્તિ
C. જમીનની ભેજ ધારણ શક્તિ D. આ પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૧૮ જમીનની ફળદ્રુપતા શાની આભારી છે.
A. જમીનના ક્ષારો B. જમીન ધોવાણ C. પોષકતત્વો D. પાણીનો ભરવો

પ્રશ્ન.૧૯ નિંદાન દ્વારા પાકને કેટલા ટકા નુકશાન થાય છે?

A. ૯.૬% B. 33.૮% C. ૧૬.૯૨% D. ૨૬.3%

પ્રશ્ન.૨૦ જીવન ક્રમ પ્રમાણે ધરો કેવા પ્રકારનું નિંદાણ છે?

A. વાર્ષિક B. દ્વીવાર્ષિક C. બહુ વર્ષીય D. આ પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૨૧ કોઈ એક પ્રદેશમાં એક સરખી જમીન, આબોહવાની સ્થિતિ, પાક અને પશુ ઉછેરનું એક સરખા પ્રમાણમાં આયોજન થયેલા વિસ્થારોને ..... તરીકે ઓળખવામાં આવે છે.

A. ખેતીના પ્રકાર B. ખેતી પદ્ધતિ C. ખેત આબોહવા વિસ્તાર D. ક્ષેત્ર વ્યવસ્થા

પ્રશ્ન.૨૨ ખેડૂતને જેતે પ્રદેશની પાક યોજનામાં કેટલા વર્ષે ફેરફાર કરવો પડે છે.

A. ૫ થી ૭ વર્ષે B. ૭ થી ૧૦ વર્ષે C. ૧૦ થી ૧૫ વર્ષે D. ૧૫ થી ૨૦ વર્ષે

પ્રશ્ન.૨૩ કઈ ખેતી વધુ નફો મેળવવાની ચાવી છે?

A. પાક ફેરબદલી B. સઘન પદ્ધતિ C. વાસણ ખેતી D. આ પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૨૪ પિયતની પુરતી સગવડ હોય ત્યારે એક જ ખેતર પર વર્ષમાં બે કે તેથી વધારે પાક લેવાની પદ્ધતિને શું કહે છે?

A. એક પાકી પાક પદ્ધતિ B. આંતર પાક પદ્ધતિ C. સઘન ખેતી D. પાક ફેરબદલી

પ્રશ્ન.૨૫ જમીનની ફળદ્રુપતામાં ઘટાડો કર્યા સિવાય એક જ વર્ષમાં એકજ જમીનમાંથી બે કે તેથી વધુ પાક અવિરતપણે લેવાની પદ્ધતિને શું કહે છે?

A. સતત પાક પદ્ધતિ B. ધનિષ્ઠ ખેતી C. મિશ્ર પાક પદ્ધતિ D. વાસણ પદ્ધતિ

પ્રશ્ન.૨૬ સતત પાક પદ્ધતિ માટે આવશ્યક પરિસ્થિતિ કઈ છે?

A. જમીન સતત પાકથી ઢંકાયેલી રહેલી જોઈએ B. પાકનો સમયગાળો ઓછો હોવો જોઈએ

C. પૂરતો પાણી પુરવઠો હોવો જોઈએ D. ઉપરની ત્રણેય પરિસ્થિતિ આવશ્યક છે.

પ્રશ્ન.૨૭ ભારતીય ખેતીમાં ઘણો જુનો અને જાણીતો અભિગમ ગણાય છે.

A. સતત પાક પદ્ધતિ B. પાક ફેરબદલી C. ધનિષ્ઠ ખેતી D. સુકી ખેતી

પ્રશ્ન.૨૮ “CROP ROTATION” એટલે

A. સઘન ખેતી B. સતત પાક પદ્ધતિ C. પાક ફેરબદલી D. મિશ્ર પાક પદ્ધતિ

પ્રશ્ન.૨૯ ખેતર પર એક કરતા વધારે વ્યવસાયમાંથી કુલ આવકના ૫૦ટકા કે તેથી વધારે આવક થાય તેવી ખેતીને શું કહે છે?

A. મિશ્ર પાક પદ્ધતિ B. મિશ્ર ખેતી C.પાક ફેરબદલી D. મિશ્ર આંતર પાક પદ્ધતિ

પ્રશ્ન.૩૦ જે જમીનમાં ઘણા વર્ષો સુધી પાક લેવામાં ન આવે તો તેવી જમીનને ..... કહે છે.

A. ઋતુ પ્રમાણે વાસલ જમીન B. વાર્ષિક વાસલ જમીન

C. બહુ વર્ષીય વાસલ જમીન D. આ પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૩૧ પ્લાસ્ટીક અથવા કાચના આવરણવાળું ગૃહ એટલે

A. નેટ હાઉસ B. ગ્રીન હાઉસ C. ડાર્ક હાઉસ D. ફાર્મ હાઉસ

પ્રશ્ન.૩૨ ક્યા દેશમાં ગ્રીન હાઉસ ટેકનોલોજીનો વિકાસ વધારે થયો છે.

A. ચીન B. જાપાન C. ઈજરાઈલ D. ભારત

પ્રશ્ન.૩૩ ચોમાસામાં ઘણી જગ્યાએ છત્રી આકારના ફૂગના છોડ ઉગેલા જોવા મળે છે જેને ..... કહે છે.

A. મોલ્ડ B. મશરૂમ C. ચીસ્ટ D. માઈકોરાઈઝા

પ્રશ્ન.૩૪ મશરૂમની ખેતી માટે ..... *સે ઉષ્ણતામાન અનુકુળ આવે છે.

A. ૫ થી ૧૦ B. ૧૦ થી ૧૫ C. ૨૦ થી 30 D. ૩૦ થી ૪૦

પ્રશ્ન.૩૫ ભારતમાં અણુશક્તિની મદદથી શોધાયેલી ઘઉંની જાત કઈ છે?

A. સરબતી સોનારા B. સોનાલીકા C. લોક વન D. રાજ - ૧૫૫૫